# Keeping your GOLD safe



**તમારા સોનાને તમે આ રીતે સલામત રાખી શકો છો**

સોના અને ઝવેરાતની ચોરીઓ અમુક સંખ્યામાં થઇ છે.

જો તમારી પાસે ઊંચી કિંમતના સોના અને ઝવેરાતના દાગીના હોય તો તેમને ચોરીથી સુરક્ષિત રાખવા માટે અમુક પૈસાનું રોકાણ કરવું એ ઈચ્છનીય છે.

અહીં અમુક રીતોની ભલામણ છે જેની મદદથી તમે તમારા મૂલ્યવાન સોના અને ઝવેરાતને ચોરીથી સુરક્ષિત રાખી શકશો અને તમારી જાતને ગુનાના ભોગ બનવાનું જોખમ ઘટાડી શકશો:

- એક સારી ગુણવત્તાની તીજોરી ખરીદો કે જે ઈંટની ભીંતમાં કે જમીનમાં સુરક્ષિતપણે બેસાડેલી હોય. એ ખાતરી કરજો કે તમારી તીજોરી ઉત્તમ કોટિની ગુણવત્તાવાળી હોય, તે માટે અહીં વિઝિટ કરો : **www.securedbydesign.com** અથવા **www.soldsecure.com**. એક બાંધકામમાં જડેલી ન હોય એવી તીજોરીને કોઇ ચોર સહેલાઈથી ખસેડી શકે છે, અને એક નીચી કોટિની ગુણવત્તાવાળી તીજોરીને સહેલાઈથી ભાંગીને ખોલી શકાય છે.
- તમારાં ઘરેણાંઓને ઘરમાંથી બીજે ખસેડવા વિષે વિચારો – તમારી બેંકને પૂછો કે કોઇ સેફ્ટિ ડિપોઝિટ બોક્ષો ઉપલબ્ધ છે કે નહીં.
- ખાતરી કરો કે તમારા ઘરેણાં ઉપર યોગ્ય સિક્યોરિટિ પ્રોડક્ટ માર્ક કરેલા હોય અને તમારી મિલકતને વિના મૂલ્યે **www.immobilise.com** ઉપર રજિસ્ટર કરાવો.
- સોનાની અથવા ઝવેરાતની દરેક કિંમતી વસ્તુનો ફોટો પાડો અને તેને એક લેખિત વર્ણન સાથે રાખો – તેનાથી જો માહિતીની વિનંતી કરવામાં અને જો કદી પણ તે ચોરાય તો તેને તમને પરત કરવામાં મદદ થશે.
- કોઇ ગુનેગારને તમારા ઘરમાં આવવા દેવાની તેની યુક્તિમાં ફસાશો નહીં. દરવાજો ખોલતાં પહેલાં હંમેશાં ખાતરી કરજો કે આવનાર વ્યક્તિ કોણ છે અને, જો તમને ખાતરી ન હોય, તો દરવાજો ખોલશો નહીં.

In an emergency call **999**
For non-emergencies call **101**
Visit **www.northants.police.uk**
Follow us on Twitter @northantspolice
Join us on Facebook.com/northantspolice

**નીચે આપેલી સલાહનું અનુસરણ કરીને તમે કોઇ ગુનેગાર તમારા ઘરમાં અંદર પ્રવેશ કરવાનો પ્રયાસ કરે તેને ટાળી શકો છો:**

- દરેક સમયે ઘરના આગળના અને પાછળના દરવાજાઓને તાળાં લગાવી રાખો – પછી ભલે તમે ઘરમાં જ હો
- જો હવા અંદર આવવા દેવા માટે તમે બારીઓ ખોલો, અને જો તમે ઘરની બહાર જાઓ કે તે ઓરડીમાંથી બહાર નીકળી જાઓ, તો ખાતરી કરજો કે તે બારીઓને બંધ કરી છે
- ચાવીઓ અને બીજી કીંમતી વસ્તુઓને કેટ ફ્લેપ્સ, લેટરબોક્ષો અને નીચેના દરવાજાઓ અને બારીઓથી છેટે અને નજરની બહાર રાખજો
- જો અંધારું થઇ જાય પછી તમે ઘરની બહાર જાઓ, તો એક બત્તી ચાલુ રાખો અથવા તો એક ટાઇમ સ્વિચનો ઉપયોગ કરો કે જેથી એમ લાગે કે ઘરમાં કોઇ છે
- એક અધિકૃત હાઉસ એલાર્મમાં પૈસા રોકો, ચોરોને ટાળવાનો આ એક ખરખેર સારો ઉપાય છે
- તમે જ્યારે બહારગામ રજા ઉપર જાઓ, કે કોઇ લગ્નમાં કે પાર્ટીમાં ગયા હો, તો તેની જાહેરાત ન કરશો. ગુનેગારોને એ બાતમી ન આપશો કે તમારા ઘરમાં અમુક સમયે કોઇ પણ નહીં હોય
- ખાતરી કરજો કે જ્યારે તમે ઘરથી દૂર હો ત્યારે તમારી ટપાલને બંધ કરવી અથવા રીડાયરેક્ટ કરવી, અને બીજી ડિલિવરીઓને રદ કરવી, જેથી એમ લાગે કે ઘરમાં કોઇ છે. કોઇ મિત્ર કે વિશ્વાસુ પડોશીને ટપાલ એકઠી કરવાની, તમારા ઘર ઉપર નજર રાખવાની, તેમ જ પડદાંને ખોલબંધ કરવાની ગોઠવણ કરજો
- શું દરવાજા સામે આવેલી વ્યક્તિ એમ કહે છે કે તે પોલીસ/વોટરબોર્ડ/યુટિલિટી કંપનીમાંથી આવેલ છે? જ્યાં સુધી તે પોતાની ઓળખ ન બતાડે ત્યાં સુધી તેમને તમારા ઘરમાં અંદર આવવા ન દેશો. તમને તે છતાં પણ પૂરી ખાતરી ન હોય, તો દરવાજો બંધ કરીને પોલીસને કોલ કરો અથવા તો તે જે કંપનીમાંથી આવ્યા હોવાનો દાવો કરે છે તેને કોલ કરો જેથી તેની ઓળખ પુરવાર થાય. આમ કરવા માટે એ આવેલ વ્યક્તિએ આપેલો ફોન નંબર કે તેનો ફોન ન વાપરશો. તમને બિલકુલ ખાતરી ન હોય, તો દરવાજો ન ખોલશો
- તમારી સ્થાનિક નેબરહૂડ વોચ સ્કીમમાં જોડાવા બાબત વિચાર કરજો. જો તમારી સ્થાનિક સ્કીમ ન હોય, તો તમે જ શા માટે તમારી પોતાની સ્કીમ શરૂ ન કરો?

તમારા ઘરના દરવાજે આમંત્રણ વિના આવતા કોલરો, ઘર આંગણે થતાં ગુનાઓ અને બીજા ગુનાઓને અટકાવવા માટે વિઝિટ કરો **www.northants.police.uk/information/crime-prevention**

તમારી પડોશમાં કોઇ પણ શંકાજનક વર્તણૂક હોય તો પોલીસને **101** નંબર ઉપર કોલ કરો. સંકટ સમયે **999** ડાયલ કરો.

તમારી પાસે કોઇ ગુના કે ગુનેગારો બાબત કોઇ પણ માહિતી હોય, તો પોલીસને **101** નંબર ઉપર કોલ કરો અથવા તો અનામીપણે **0800 555 111** નંબર ઉપર **ક્રાઇમસ્ટોપર્સ**ને કોલ કરો.

